ફોર્મ એ
જાહેર ઘોષણા
(ઈનસોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી બોર્ડ ઓફ ઈન્ડિયા (કોર્પોરેટ વ્યક્તિઓ માટે નાદારી રિઝોલ્યુશન પ્રક્રિયા) રેગ્યુલેશન, ૨૦૧૬ ના નિયમન ૬ હેઠળ)

ઓએસિસ મરીન પ્રાઈવેટ લિમિટેડના લેણદારોના ધ્યાન માટે

	સંબંધિત વિગતો	
1.	કોર્પોરેટ દેવાદારનું નામ	ઓએસિસ મરીન પ્રાઇવેટ લિમિટેડ
2.	કોર્પોરેટ દેવાદારના સમાવેશની તારીખ	04.03.2011
3.	સત્તા કે જેના હેઠળ કોર્પોરેટ દેવાદાર સામેલ/નોંધાયેલ છે	ગુજરાતમાં નોંધણી થયેલ કંપની
4.	કોર્પોરેટ ઓળખ નં. / કોર્પોરેટ દેવાદારની મર્યાદિત જવાબદારી ઓળખ નંબર	U05003GJ2011PTC064243
5.	કોર્પોરેટ દેવાદારની રજિસ્ટર્ડ ઓફિસ અને મુખ્ય ઓફિસનું સરનામું (જો કોઈ હોય તો).	રજીસ્ટર્ડ ઓફિસઃ ૩૨૦, લક્ઝુરિયા બિઝનેસ હબ, ડુમસ રિસોર્ટ પાસે, ડુમસ રિસોર્ટ, ડુમસ રોડ, સુરત-૩૯૫૦૦૭
6.	કોર્પોરેટ દેવાદારના સંબંધમાં નાદારીની શરૂઆતની તારીખ	૧૯/૦૩/૨૦૨૪ ના રોજ ઉચ્ચારવામાં આવેલ ઓર્ડર પ્રમાણિત નકલ ૨૮/૦૩/૨૦૨૪ ના રોજ પ્રાપ્ત થઈ
7.	નાદારી રિઝોલ્યુશન પ્રક્રિયા બંધ થવાની અંદાજિત તારીખ	24/09/2024
8.	વચગાળાના રિઝોલ્યુશન પ્રોફેશનલ તરીકે કામ કરતા નાદારી વ્યાવસાયિકનું નામ અને નોંધણી નંબર	રજીસ્ટર નં. Reg.No. IBBI/IPA-001/IP-P01847/2019-2020/12862
9.	બોર્ડ સાથે નોંધાયેલ વચગાળાના રિઝોલ્યુશન પ્રોફેશનલનું સરનામું અને ઈ-મેલ	સરનામું : અર્પણ શાહ એન્ડ એસોસિએટ્સ, ૩૦૧, શોપર્સ પ્લાઝા-૪, સામે. બીએસએનએલ ,સી. જી . રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૬ E-mail id: arpan@caarpanshah.com
10.	વચગાળાના રિઝોલ્યુશન પ્રોફેશનલ સાથેના પત્રવ્યવહાર માટે ઈમેલનું સરનામું વાપરવામાં આવશે	સરનામું : અર્પણ શાહ એન્ડ એસોસિએટ્સ, ૩૦૧, શોપર્સ પ્લાઝા-૪, સામે. બીએસએનએલ ,સી. જી . રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૬ E-mail id: cirpoasis1@gmail.com
11.	દાવાઓ સબમિટ કરવાની છેલ્લી તારીખ	24/04/2024
12.	લેણદારોના વર્ગો, જો કોઈ હોય તો, વિભાગ ૨૧ ની પેટા કલમ (6A) ના કલમ (b) હેઠળ, વચગાળાના ઠરાવ વ્યાવસાયિક દ્વારા નિશ્ચિત	વર્ગોને નામ આપો : લાગુ પડતું નથી
13.	એક વર્ગમાં લેણદારોના અધિકૃત પ્રતિનિધિ તરીકે કામ કરવા માટે ઓળખાયેલ નાદારી વ્યાવસાયિકના નામ (દરેક વર્ગ માટે ત્રણ નામ)	લાગુ પડતું નથી
14.	(a) સંબંધિત સ્વરૂપો અને (b) અધિકૃત પ્રતિનિધિઓની વિગતો અહીં ઉપલબ્ધ છે :	Web link:https://ibbi.gov.in/home/downloads ભૌતિક સરનામું : - લાગુ પડતું નથી

આથી સુચના આપવામાં આવે છે કે નેશનલ કંપની લો ટ્રિબ્યુનલે ૨૮/૦૩/૨૦૨૪ ના રોજ ઓએસિસ મરીન પ્રાઇવેટ લિમિટેડની કોર્પોરેટ નાદારી રીઝોલ્યુશન પ્રક્રિયા શરૂ કરવાનો આદેશ આપ્યો છે
ઓએસિસ મરીન પ્રાઇવેટ લિમિટેડના લેણદારોને આથી ૨૪/૦૪/૨૦૨૪ના રોજ અથવા તે પહેલા તેમના દાવાઓ પુરાવા સાથે દાખલ કરવા માટે એન્ટ્રી નંબર ૧૦ સામે દર્શાવેલ સરનામે વચગાળાના રિઝોલ્યુશન પ્રોફેશનલને સબમિટ કરવા માટે આહવાન કરવામાં આવે છે.
નાંણાકીય લેણદારોએ માત્ર ઈલેક્ટ્રોનિક માધ્યમથી જ પુરાવા સાથે તેમના દાવા સબમિટ કરવાના રહેશે. અન્ય તમામ લેણદારો વ્યક્તિગત રીતે, પોસ્ટ દ્વારા અથવા ઇલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા પુરાવા સાથે દાવા સબમિટ કરી શકે છે.
એન્ટ્રી નં. ૧૨ ની સામે સૂચિબદ્ધ તરીકે વર્ગ સાથે સંબંધિત નાંણાકીય લેણદાર, ફોર્મ CAમાં વર્ગના અધિકૃત પ્રતિનિધિ તરીકે કાર્ય કરવા માટે એન્ટ્રી નંબર ૧૩ સામે સૂચિબદ્ધ ત્રણ નાદારી વ્યાવસાયિકોમાંથી અધિકૃત પ્રતિનિધિની તેની પસંદગી સૂચવે છે.
દાવાના ખોટા અથવા ભ્રામક પુરાવા સબમિટ કરવા પર દંડ લાગશે.
સહી/-
અર્પણ મહેશકુમાર શાહ
વચગાળાના રિઝોલ્યુશન પ્રોફેશનલ્સ
IBBI/IPA-001/IP-P01847/2019-2020/12862
એએફએ નં. એએ૧/૧૨૮૬૨/૦૨/૧૨૦૬૨૪/૧૦૫૧૪ એ ૧૨/૦૬/૨૦૨૪ સુધી માન્ય
૩૦૧, શોપર્સ પ્લાઝા ૪, બીએસએનલ સામે, સી.જી. રોડ, અમદાવાદ-૩૮૦૦૦૬
ઇ-મેલ : cirpoasis1@gmail.com
મોબાઇલ નંબર : ૯૮૨૪૪૦૭૭૮૮
તારીખ : ૧૧/૦૪/૨૦૨૪
સ્થળ : અમદાવાદ.

શ્રી માર્કંડેશ્વર મહાદેવ મંદિર લિંબાયતમાં તેલુગુ નવા વર્ષ ઉગાદી પર્વ નિમિત્તે આયોજિત સ્નેહમિલન કાર્યક્રમમાં લિંબાયતના ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ અને સ્થાનિક કોપીરેટર રો ડેપ્યુટી મેયર નરેન્દ્ર પાટીલ તેમજ વિક્રમ પાટીલ, દિનેશ રાજપુરોહિત, વિજય ચોમલ, નાગર પટેલ, કવિતાબેન એના કુંડલા, સંજય પાટીલ અને સમાજના આગેવાનો દાસરી શ્રીનિવાસ, રાપોલુ બુચી રામુલુ પામવેનું રામુ ચીટીયાલા હાજર રહયા હતા

સુરત મુગલીસરા ખાતે મતદાન જાગૃતિ અંગે અધિકારી-કર્મચારીઓની સાથે બેઠક યોજાઈ

મોલ અને શોપિંગ સેન્ટર પર મતદાન જાગૃતિ અંગેના બેનરો પ્રદર્શિત કરવામાં આવશે

સુરતઃ અગામી લોકસભાની સામન્ય ચુંટણીમાં મોલ, મોટા શોપિંગ કોમ્પ્લેક્ષમાં આવતા મતદારો અવશ્ય મતદાન કરે અને લોકશાહીના આ અવસરમાં વધુમાં વધુ લોકો સહભાગી બની 'ચુનાવ કા પર્વ' ની ઉત્સાહભેર ઉજવણી કરે એ હેતુથી જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અધિકારી અને કર્મચારી સાથે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ટર્નઆઉટ ઈમ્પ્લીમેન્ટેશન પ્લાન (TIP)ના નોડલ ઓફિસરશ્રી અને ડે. મ્યુનિ. કમિશનર ડો. રાજેન્દ્ર પટેલ નાં માર્ગદર્શન અને સુચના અનુસાર આસી. મ્યુનિ. કમિશ્નરશ્રી અને નોડલ ઓફિસરશ્રી(ત્સિપ) અજય એચ. ભટ્ટ, સ્પે.ઓફીસર અને કાર્યપાલક ઈજનેરશ્રી રાકેશ.એન.મોદીની ઉપસ્થિતિમાં સુરત મહાનગરપાલિકાના તમામ ઝોનના આસીસ્ટન્ટ મ્યુનિ. કમિશ્નરશ્રી, ICDS વિભાગના પ્રોગ્રામ ઓફિસરશ્રી, UCD વિભાગના પ્રોજેક્ટ મેનેજરશ્રી, આકારણી અને વસુલાત અધિકારીશ્રી અને ગુમાસ્તાધારા ઈન્સ્પેક્ટરશ્રી હાજર રહ્યા હતા. બેઠકમાં સુરત મહાનગરપાલિકાના તમામ ઝોન વિસ્તારમા સમાવિષ્ટ મોલ અને શોપિંગ સેન્ટર પર જ્યાં મતદારોની અવર જવર વધુ હોય ત્યાં મતદાન જાગૃતિ અંગેના બેનરો પ્રદર્શિત કરવા અને જ્યાં એલઈડી સ્ક્રીન ઉપલબ્ધ છે ત્યાં વિડીયો બેનરના માધ્યમથી દરેક મતદારો અવશ્ય મતદાન કરે તે પ્રકારના મતદાર જાગૃતિ અંગેના બેનર ડિસ્પ્લે થાય તે મુજબની કામગીરી કરવામાં માટે સુચનો આપ્યાં હતા. ઉપરાંત મોલ, મોટા શોપિંગ સેન્ટરનું સંચાલનકર્તા ધ્વારા પણ મતદાન જાગૃતિ અંગે મહત્તમ મતદાન કરવા પ્રચાર થાય તે માટે અપીલ કરવામાં આવી હતી.

ચેમ્બર પ્રમુખની અમેરિકામાં મિશન ૮૪ અંતર્ગત શિકાગોની ભારતીય કોન્સુલ જનરલ સાથે બેઠક

ભારતીય કોન્સુલ જનરલ સોમનાથ ઘોષ એક્ષ્પોર્ટ થતી પ્રોડકટની નબળી કવોલિટ અને કમીટમેન્ટના અભાવ અંગે ચેતવણી આપી

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ રમેશ વઘાસિયા અને માનદ્ ખજાનચી કિરણ ઠુમ્મર SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ અંતર્ગત એક્ષ્પોર્ટને વધારવા હેતુ તેમજ તેના માટે સુરતના ઉદ્યોગકારો માટે વિવિધ તકો ઉપલબ્ધ થાય તે માટે અમેરિકાના પ્રવાસે છે ત્યારે મંગળવાર, તા. ૯ એપ્રિલ ૨૦૨૪ના રોજ તેઓએ અમેરિકાના શિકાગો શહેરમાં શિકાગો સ્થિત ભારતીય કોન્સુલ જનરલ સોમનાથ ઘોષ સાથે મિટીંગ કરી હતી.

ચેમ્બર પ્રમુખ રમેશ વઘાસિયા દ્વારા શિકાગો સ્થિત ભારતીય કોન્સુલ જનરલ સોમનાથ ઘોષ સમક્ષ SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪નું વિગતવાર પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું.મિશન ૮૪ અંતર્ગત ઓનલાઇન ઈન્ટરનેશનલ પ્લેટફોર્મની સાથે ભારતના ૮૪,૦૦૦ ઉદ્યોગકારો ? વેપારીઓ અને એક્ષ્પોર્ટર્સને તથા વિશ્વના જુદા?જુદા દેશોમાં બિઝનેસ કરતા ૮૪,૦૦૦ બિઝનેસમેનોને ઓનબોર્ડ કરવામાં આવી રહયા છે.મિશન ૮૪ અંતર્ગત ભારતમાં કાર્યરત ૮૪ દેશોના કોન્સુલ જનરલ, હાઇ કમિશ્નર અને એમ્બેસેડર તેમજ વિશ્વના ૮૪ દેશોમાં ભારતનું પ્રતિનિધિત્વ કરતા વિવિધ એમ્બેસેડર્સને પણ આ પોર્ટલ પર ઓનબોર્ડ કરવા મિટીગો થઇ રહી છે. જેના ભાગ રૂપે અત્યાર સુધીમાં ૪પથી વધુ દેશોના કોન્સુલ જનરલ, એમ્બેસેડર તથા ઓશિયલ્સ સુરત ખાતે ચેમ્બર ઓફ કોમર્સની મુલાકાતે આવ્યા હતા

શિકાગો સ્થિત ભારતીય કોન્સુલ જનરલ સોમનાથ ઘોષે ભારતમાંથી એક્ષ્પોર્ટ થતી પ્રોડકટની નબળી કવોલિટી અંગે અને કમીટમેન્ટના અભાવ અંગે ચેતવણી આપી ચેમ્બર પ્રમુખનું ધ્યાન દોર્યું હતું. ચેમ્બર પ્રમુખને જણાવ્યું હતું કે, આપણે ભારતથી એક્ષ્પોર્ટની દ્દષ્ટિએ ઘણું સારું કામ કરી શકીએ તેમ છીએ પણ સસ્ટેનેબલ પોઝીશનમાં લાંબા ગાળા માટે જે કવોલિટી પ્રોડકટ આપવાની હોય છે

તેમાં આપણે ઉણાં ઉતરીએ છીએ, આથી ખાસ એક્ષ્પોર્ટ માટે આ બાબત ઉપર ધ્યાન આપવાની જરૂરિયાત છે. તેમણે શિકાગોમાં લીડ અને ઈન્કવાયરી, માર્કેટ ઈન્ટેલીજન્સ માટેની માહિતી આપવાની ખાત્રી આપી

હતી.તદુપરાંત શિકાગોના બિઝનેસમેનો સાથે કોમન વર્ચ?યુઅલ મિટીંગ યોજાય, જેમાં અહીં (શિકાગોમાં) જે સંભાવનાઓ છે તેના વિશે માહિતી આપવામાં આવશે તેવી ભલામણ તેમણે ચેમ્બર પ્રમુખને કરી હતી, જેનો ચેમ્બર પ્રમુખે સ્વીકાર કરી ટુંક સમયમાં આવી વર્ચ?યુઅલ મિટીંગનું આયોજન કરી સુરત, ગુજરાત અને ભારતના ઉદ્યોગકારોને એક્ષ્પોર્ટ માટેની તક ઉપલબ્ધ થાય તે માટે વિચાર મંથન કરવાની બંને પક્ષે સહમિત સધાઈ હતી.

સો કરોડના ખર્ચે નિર્માણ પામેલો કડોદરાનો અંદર પાસ મેન્ટેનન્સના અભાવે જોખમી: ઈસુદાન ગઢવી

શું ભાજપ કોઈ અકસ્માતની કે કોઈ મોટી હોનારતની રાહ જોઈ રહ્યું છે?: આપ

સુરત : આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાનભાઇ ગઢવીએ એક મહત્વપૂર્ણ મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે આજે કામરેજના કડોદરા જંકશન પર ૧૦૦ કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ પામેલો કડોદરાનો અંડરપાસ જોખમી હાલતમાં છે. ગયા વર્ષે મે મહિનામાં આ અંડરપાસનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું, પરંતુ મેન્ટેનન્સના અભાવે વરસાદી પાણીના નિકાલ માટેની ટેન્કની ઉપરની જાળી તૂટી ગઇ છે, જેના કારણે વાહન ચાલકો માટે આ જગ્યા હવે જોખમી બની છે. બીજી બાજુ અંડરપાસની અંદર લગાવવામાં આવેલી લાઇટો ૨૪ કલાક ચાલુ રાખવાની હોય છે, પરંતુ તેમાંથી અડધો અડધ લાઇટો બંધ જોવા મળી છે જેના કારણે ગમે ત્યારે અકસ્માતનો ભય સર્જાયો છે. મારો એક જ સવાલ છે કે શું ભાજપ કોઇ અકસ્માતની કે કોઇ મોટી હોનારતની રાહ જોઇ રહ્યું છે? આપણે અવારનવાર જોયું છે કે ઘણી જગ્યાએ બ્રિજ બનતાની સાથે તુટી જાય છે અથવા તો બની રહેલો બ્રિજ તૂટી જાય છે, આ રીતની કામગીરી ભાજપ સરકારમાં હવે બહુ જ સામાન્ય થઇ ગઇ છે. પરંતુ આ બધામાં ફક્ત પબ્લિકના ટેક્સના પૈસાનું અને લોકોની જાનમાલનું નુકસાન થતું આવતું હોય છે. તેમ છતાં ભાજપ સરકાર પોતાની કામગીરીમાં જરા પણ બદલાવ લાવતી નથી અને ફેરફાર કરતી નથી.

સુરતમાં ૧૦૦ વર્ષથી વધુ વય ધરાવતા ૩૭૧ શતાયુ મતદારો

સુરતઃ ભારતની ગૌરવશાળી લોકશાહીના જતનમાં ભાગીદાર થનાર મતદારો એટલે વરિષ્ઠ અને શતાયુ નાગરિકો, કે જેઓએ દાયકાઓ સુધી નૈતિક ફરજના ભાગરૂપે પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો છે. આ નાગરિકોને તેમની શારીરિક અશક્તતાના કારણે મત આપવામાં પડતી અગવડતાને દૂર કરવા ભારતના ચૂંટણી પંચ દ્વારા કેટલીક ખાસ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. જેના કારણે વરિષ્ઠ મતદારો વિશેષ સુવિધાઓ સાથે પોતાનો મત આપી શકશે. ત્યારે સુરત જિલ્લાની વાત કરીએ તો જિલ્લામાં આ લોકશાહીના મહાપર્વમાં ૧૦૦ વર્ષથી વધુ વય ધરાવતા ૩૭૧ શતાયુ મતદારો નોંધાયા છે.

જેઓ આ ચૂંટણી મહાપર્વમાં જોડાઇને અન્યો માટે પ્રેરણારૂપ બનશે. ભારતના ચૂંટણીપંચે ૮૫ વર્ષથી વધુ ઉમરવાળા વરિષ્ઠ નાગરીકો માટે પોસ્ટલ બેલેટ દ્વારા ઘરેથી મતદાનની સુવિધા આપવાની જોગવાઇ કરી છે. ત્યારે સુરતમાં ૮૫ વર્ષથી વધુના ૨૪,૬૭૬ મતદારો નોંધાયા છે, જે આ જોગવાઇનો લાભ લઇ શકશે. જયારે ૩૭૧ શતાયુ મતદારો નોંધાયા છે. જેઓ પણ મતદાન મથક સુધી ન પહોંચી શકે તો ઘરેથી મતદાન કરવાનો લાભ મેળવી શકશે. ઓલપાડ વિધાનસભા મતવિસ્તારમાં ૮૫ વર્ષથી વધુ વય ધરાવતા ૧૬૬૩ તથા ૧૦૦ વર્ષથી વધુ વય ધરાવતા ૨૩ શતાયુ મતદારો, આ મુજબ ૮૫ વર્ષથી વધુ વય ધરાવતા અને ૧૦૦ વર્ષથી વધુ વય (શતાયુ) ધરાવતા મતદારો અનુક્રમે માંગરોળ વિધાનસભામાં ૧૭૧૦ અને ૩૪, માંડવી વિધાનસભામાં ૧૯૮૮ તથા ૩૭, કામરેજ વિધાનસભામાં ૧૬૯૮ અને ૨૬, સુરત પૂર્વ વિધાનસભામાં ૨૬૩૧ અને ૨૬, સુરત ઉત્તર વિધાનસભામાં ૧૨૪૪ અને ૦૭, વરાછા રોડ વિધાનસભામાં ૪૩૮ અને ૦૮, કરંજ વિધાનસભામાં ૨૮૮ અને ૦૭, લિંબાયત વિધાનસભામાં ૮૪૯ અને ૧૨, ઉધના વિધાનસભામાં ૭૧૯ અને ૦૫, મજુરા વિધાનસભામાં ૨૪૪૩ અને ૩૯, કતારગામ વિધાનસભામાં ૮૨૭ અને ૦૮, સુરત પશ્ચિમ વિધાનસભામાં ૨૫૦૬ અને ૪૦, ચોર્યાસી વિધાનસભામાં ૧૫૭૪ અને ૨૮, બારડોલી વિધાનસભામાં ૧૭૩૩ અને ૧૭, મહુવા વિધાનસભામાં ૨૩૬૫ અને ૫૪ વરિષ્ઠ મતદારો નોંધાયેલા છે.

સુરત શહેર પોલીસ શાંતિસમિતિની એક મિટિંગ શહેરના ઇન્ચાર્જ પોલીસ કમિશનર શ્રી વબાંગ. ઝમીરસાહેબ ના અધ્યક્ષસ્થાને પોલીસ હેડક્વાટર ના હોલ ખાતે મળી હતી આગામી ઇદ, આંબેડકર જ્યંતી, મહાવીર જ્યંતી રામનવમી ના તહેવારો શાંતિથી કોમી એકતાના માહોલમાં ઉજવાયએ હેતુસર મળી હતી પોલીસ શાંતિ સમિતિની મિટિંગને પોલીસ કમિશનર વબાંગ ઝમીર, શહેરના માજી મેયર કદિર પીરઝાદા,ગણેશ ઉત્સવ સમિતિ પ્રમુખ અનિલ બિલ્બિટવાળા, સીતારામ મહારાજજી પારસી સમાજ ના અગ્રણી પદ્મશ્રી યઝદી કરંજીયા જોઇન્ટ પોલીસ કમિશનર ડામોરએ સંબોધી હતી. મિટિંગમાં DCP શ્રી ઓ, ACP શ્રી ઓ, P. I. શ્રી ઓ અને શહેર પોલીસ શાંતિ સમિતિના સભ્યશ્રી ઓ ખુબ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ નુ સંચાલન DCP શ્રી સ્પેશ્યલબ્રાન્ચ શ્રી હેતલબેન પટેલ સાહેબે કર્યુ હતું.

જિલ્લા પંચાયત-આયુર્વેદ શાખા દ્વારા

વિનામૂલ્યે હોમિયોપેથીક નિદાન સારવાર મેગા કેમ્પ યોજાયો

નિદાન સારવાર કેમ્પમાં ૩૩૪, હોમીયોપેથી પ્રચાર પ્રસારના ૬૭૦, લૂ પ્રિવેન્ટિવના ૨૧૦, ડેન્ગ્યુ પ્રિવેન્ટિવના ૪૪૩ અને યોગના ૪૨ લાભાથીઓએ ભાગ લીધો

સુરતઃ હોમિયોપેથીક પદ્ધતિના શોધક ડો. સેમ્યુઅલ હનેમનના જન્મ દિવસ એટલે કે વિશ્વ હોમિયોપેથીક દિન નિમિત્તે નિયામકશ્રી આયુષની કચેરી, ગાંધીનગર અને ''સુરત જિલ્લા પંચાયત-આયુર્વેદ શાખાના સંયુક્ત ઉપક્રમે જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રી ડો.કાજલબેન મઢીકરની ઉપસ્થિતિમાં સુરત જિલ્લાના તમામ હોમિયોપેથીક ડોક્ટરો દ્વારા પલસાણાના ''શ્રી લક્ષ્મીચંદબાપુ નકલંક સેવા ગંગાધરા (અલખધામ) ખાતે ''મફત હોમિયોપેથીક નિદાન સારવાર મેગા કેમ્પ અને યોગ પ્રદર્શન યોજાયું હતું. આ કેમ્પમાં નિદાન સારવાર કેમ્પમાં ૩૩૪, હોમીયોપેથી પ્રચાર પ્રસારના ૬૭૦, લૂ પ્રિવેન્ટિવના ૨૧૦, ડેન્ગ્યુ પ્રિવેન્ટિવના ૪૪૩ અને યોગના ૪૨ લાભાર્થીઓએ ભાગ લીધો હતો. આ કેમ્પમાં મેડિકલ ઓફિસરો દ્વારા ચર્મરોગ, બાળ રોગ,સ્ત્રી રોગ, સાંધાના રોગો, લાઇફ સ્ટાઇલ ડિસઓર્ડર, સામાન્ય રોગો વગેરેનું નિદાન કરી સારવાર આપવામાં આવી હતી.સાથે જ હોમીયોપેથી વિશે લોકોને વિશેષ સમજ આપવામાં આવી હતી. ડેન્ગ્યુ તથા ફલૂ માટે પ્રિવેન્ટિવ દવાઓ પણ આપવામાં આવી હતી આ મેગા કેમ્પમાં ડો.રચના રાણા,ડો.જયેશ પટેલ,ડો.બ્લેસી મેથ્યુઝ,ડો.શીતલ પટેલ,ડો.જય રૈયાણી,ડો.પરિતા પટેલ,ડો.નિરાલી ચૌધરી, ઉર્વશી પરમાર,માયા પટેલ,ઉત્કર્ષ બલર,તૃપ્તિબેન પરમાર સહિત યોગ શિક્ષક ગીતાબેન પટેલે પોતાની સેવા આપી હતી.

નામ બદલેલ છે.
મારું જુનું નામઃ
મંશાલી નાગવાંશી
હતું જે બદલીને નવુ નામ
મંશાલી બ્રિજ કિશોર તિવારી
રાખેલ છે. હવેથી હું મારા નવા નામથી ઓળખાઈશ. જેની સર્વેએ નોંધ લેવી.
સહિ/-
મંશાલી બ્રિજ કિશોર તિવારી
સરનામુ- સી ૪૯, હરીઓમ નગર હાઉસિંગ સોસાયટી, પાંડેસરા, સુરત.

નામ બદલેલ છે.
મારું જુનું નામઃ
ચિંતન કનૈયાભાઈ પટેલ
હતું જે બદલીને નવુ નામ
ચિંતનકુમાર કનૈયાભાઈ પટેલ
રાખેલ છે. હવેથી હું મારા નવા નામથી ઓળખાઈશ. જેની સર્વેએ નોંધ લેવી.
ચિંતનકુમાર કનૈયાભાઈ પટેલ
સરનામુ : ૩૦૩, ગો. ગો. સ્ટ્રીટ, સતપંથ મંદિર, ભીમપોર, સુરત.

નામ બદલેલ છે
મારૂ જુનુ નામ
સોજીત્રા નિશા વિજયકુમાર
હતું તે બદલીને નવું નામ
સોજીત્રા નિશાબેન વિજયકુમાર રાખેલ છે.
જેની સર્વોએ નોંધ લેવી.
લિ. સોજીત્રા નિશાબેન વિજયકુમાર
સરનામું : બી-૨૦૧, આસ્થા મેડીકેર એન્ડ રેસીડેન્સી, અબ્રામા રોડ, મોટા વરાછા, સુરત-૩૯૪૧૦૧, ગુજરાત, ભારત

નામ બદલેલ છે
મારૂ જુનુ નામ
સોજીત્રા માધવજી લવજીભાઈ
હતું તે બદલીને નવું નામ
સોજીત્રા માધવજીભાઈ લવજીભાઈ રાખેલ છે.
જેની સર્વોએ નોંધ લેવી.
લિ. સોજીત્રા માધવજીભાઈ લવજીભાઈ
સરનામું : બી-૨૦૧, આસ્થા મેડીકેર એન્ડ રેસીડેન્સી, અબ્રામા રોડ, મોટા વરાછા, સુરત-૩૯૪૧૦૧, ગુજરાત, ભારત

નામ બદલેલ છે
મારૂ જુનુ નામ
સોજીત્રા મંજુબેન માધવજી
હતું તે બદલીને નવું નામ
સોજીત્રા મંજુલાબેન માધવજીભાઈ રાખેલ છે.
જેની સર્વોએ નોંધ લેવી.
લિ. સોજીત્રા મંજુલાબેન માધવજીભાઈ
સરનામું : બી-૨૦૧, આસ્થા મેડીકેર એન્ડ રેસીડેન્સી, અબ્રામા રોડ, મોટા વરાછા, સુરત-૩૯૪૧૦૧, ગુજરાત, ભારત

નામ બદલેલ છે
મારૂ જુનુ નામ
સોજીત્રા વિજયકુમાર માધવજી
હતું તે બદલીને નવું નામ
સોજીત્રા વિજયકુમાર માધવજીભાઈ રાખેલ છે.
જેની સર્વોએ નોંધ લેવી.
લિ. સોજીત્રા વિજયકુમાર માધવજીભાઈ
સરનામું : બી-૨૦૧, આસ્થા મેડીકેર એન્ડ રેસીડેન્સી, અબ્રામા રોડ, મોટા વરાછા, સુરત-૩૯૪૧૦૧, ગુજરાત, ભારત

નામ બદલેલ છે.
મારું જૂનું નામ જયેશકુમાર પટેલ હતું જે નામ બદલીને નવું નામ જયેશકુમાર હર્ષદરાય પટેલ રાખેલ છે.
જેની સર્વે નોંધ લેવી.
લિ.: જયેશકુમાર હર્ષદરાય પટેલ
સરનામું : બજાર સ્ટ્રીટ, ચીખલી, જી. નવસારી, પીન- ૩૯૬૫૨૧, ગુજરાત

નામ બદલેલ છે.
મારું જૂનું નામ ડોબારીયા અશોકકુમાર લાભુભાઈ હતું જે નામ બદલીને નવું નામ ડોબારીયા અશોકભાઈ લાભુભાઈ રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
લિ.: ડોબારીયા અશોકભાઈ લાભુભાઈ
સરનામું : ૧૭, શ્રધ્ધાદીપ સોસાયટી, સિગણપોર કોઝવે રોડ, સુરત.

નામ બદલેલ છે.
મારું જૂનું નામ હસન મેહદી હતું જે નામ બદલીને નવું નામ મેહદી હસન ઐનુલહક કાદરી રાખેલ છે.
જેની સર્વે નોંધ લેવી.
લિ.: મેહદી હસન ઐનુલહક કાદરી
સરનામું : ૮, હમિદ નગર, ઉન, સુરત સીટી, સુરત, ગુજરાત- ૩૯૪૨૧૦

નામ બદલેલ છે.
મારું જૂનું નામ મિલન માધવલાલ પટેલ હતું જે નામ બદલીને નવું નામ પટેલ મિલનકુમાર માધવલાલ રાખેલ છે.
જેની સર્વે નોંધ લેવી.
લિ.: પટેલ મિલનકુમાર માધવલાલ
સરનામું : ૧૧૧, ગ્રિન સીટી, અમૃત પાર્ટી પ્લોટની સામે, મોઢેરા રોડ, મહેસાણા, પીન- ૩૮૪૦૦૨